# તમારા અધિકારો કમાવવા માટે તમારી ફરજોમાં રોકાણ કરો

## બંધારણ દિવસની ઉજવણી નિમિતે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજભવનના સહયોગથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું

બંધારણ દિવસની ઉજવણી નિમિતે, મજબૂત લોકશાહી સમાજની રચના અને જાળવણી માટે બંધારણની સિદ્ધિઓને માન્યતા આપતા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજભવન ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગુજરાતના ગવર્નર ઓમ પ્રકાશ કોહલી, મૃદુલા સિંહા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મોહિત શાહ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટના રીટાયર્ડ જજ, ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને જીએનએલયુના વિદ્યાર્થીઓ અને ફેકલટી મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં સુપ્રિમકોર્ટની ભુમિકા, શિક્ષણની નોંધણી, મહિલાઓ માટે સબસિડી યોજાના, સામાજિક ન્યાયની ભાવના જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

### ગોવા યુનિ.માં પ્રિ મેરીટલ કાઉન્સૅલિંગની શરૂઆત

જો હક જોઈએ તો ફરજો જાણો અને અધિકારો મેળવો. ગોવા સિવિલ કોર્ટે સ્ત્રી અને પુરુષની સમાનતા અને સ્ત્રી સશક્તિકરણ પણ ખૂબ ભાર મૂક્યો છે. ગોવાના ક્રિશ્ચિયન સમાજમાં પ્રિ મેરીટલ કાઉન્સેલિંગની પ્રેરણા લઈ મેં ગોવા યુનિવર્સિટીમાં પ્રિ મેરીટલ કાઉન્સેલિંગની દરખાસ્ત મૂકી અને આજે વિદ્યાર્થીઓ માટે આ કાઉન્સેલિંગ શરૂ થઈ ચુક્યું છે.- **મૃદુલા સિંહા, ગવર્મેન્ટ ઓફ ગોઆ**



### સુપ્રીમે વિવિધ ચુકાદાઓથી મૂળભૂત અધિકારોનો વ્યાપ વધાર્યો છે

સુપ્રિમ કોર્ટે વિવિધ ચુકાદા દ્વારા તેનો વ્યાપ વધાર્યો છે. તેમાં જીવન જીવવાનાં અધિકારમાં જીવનમાં સન્માનભેર જીવન જીવવાના અધિકારનો પણ સમાવેશ થાય છે. જો આ અધિકાર ન અપાય તો જીવન જીવવાનો અધિકાર ખરા અર્થમા સફળ ન કહેવાય. - **મોહિત શાહ, બોમ્બે હાઇકોર્ટના ચીફ જસ્ટીસ**

### ભારતે નવી પેઢીને ધ્યાનમાં રાખીને નવું બંધારણ ઘડવું જોઈએ

નવી પેઢીની આશા અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ બંધારણમાં પડવું જોઈએ એટલે ભારતને નવા બંધારણની જરૂર છે કે જે નવી પેઢીને અનુરૂપ હોય. ફ્રાન્સમાં ૧૭૮૯માં ક્રાંતિ થઈ ત્યારબાદ તેનું પહેલું લેખિત બંધારણ ઘડાયું ત્યાર બાદ સમયે સમયે તે બંધારણ બદલાતું રહ્યું છે અત્યારે જે બંધારણ અમલમાં છે તે ૧૯૫૮માં અમલમાં મૂકાયું હતું તે ૧૬મા નંબરનું છે એટલે ભારતે પણ નવી પેઢીને ધ્યાનમાં રાખીને બંધારણ ઘડવું જોઈએ. - **બિમલ પટેલ, જીએનએલયુના ડાયરેક્ટર**


kesavi tours & travels company successfully planned holiday for more than 50,000 happy families

KESAVI®
Tours & Travels Pvt. Ltd.

CHRISTMAS & NEW YEARS
Sp. Packages- 2018/19

All Packages Include: Return Airfare, Ex. Mum. / Ex. Ahm., Visa, 3 * Hotel, Breakfast. Dinner, Sightseeing

All Packages Group Departure

Date 23 & 28 December

Dubai — 6 Days
Bangkok Pattaya-Phuket Krabi — 9 Days
Dubai With Lapita — 7 Days
Thailand Bangkok-Pattaya — 6 Days / Date: 29 Dec.


Scanned by CamScanner